અપીલ અરજી નં.૧૮૬ તા.૨૫–૭–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર: – શ્રી કલ્યાણભાઈ બાબુરાવ શહાણે
સામાવાળા:– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)

**ફરીયાદની હકીકત:–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કલ્યાણભાઈ બાબુરાવ શહાણેની તા.૧૪–૭–૧૧ની અરજીથી ભાગ્યલક્ષ્મી પ્રિન્ટસ,પ્રા.લી.પ્લોટ નં. ૨૭૧જી.આઈ.ડી.સી.પાંડેસરા, સુરત. ઉપરોકત પ્લોટ ઉપર ચાલતું બાંધકામ કેટલા માળનું છે તેનો પ્લાન સુરત મહાનગરપાલિકામાં પાસ કરેલ છે કે કેમ ? તેની ઝેરોક્ષ નકલ, ઉપરોકત પ્લોટ કોની માલિકીના છે, ઉપરોકત બાંધકામ કયા ડે.ઈજનેરના વિસ્તારમાં ચાલે છે ઉપરોકત બાંધકામ ગેરકાયદેસર છે કે કેમ ? તેમની ખબર કાર્યપાલક ઈજનેરને છે કે કેમ ? ખબર છે તો તે ગેરકાયદેસર બાંધકામ કેમ રોકવામાં આવતું નથી. તેમાં કોઈ ઉચ્ચ અધિકારીના દબાણ છે કે કેમ ? તેની વિગત આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૫–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૮૬/૨૦૧૧–૧૨

શ્રી કલ્યાણભાઈ બાબુરાવ શહાણેની તા.૧૪–૭–૧૧ની અરજીથી ભાગ્યલક્ષ્મી પ્રિન્ટસ,પ્રા.લી.પ્લોટ નં. ૨૭૧ ,જી.આઈ.ડી.સી.પાંડેસરા, સુરત. ઉપરોકત પ્લોટ ઉપર ચાલતું બાંધકામ કેટલા માળનું છે તેનો પ્લાન સુરત મહાનગરપાલિકામાં પાસ કરેલ છે કે કેમ ? તેની ઝેરોક્ષ નકલ, ઉપરોકત પ્લોટ કોની માલિકીના છે, ઉપરોકત બાંધકામ કયા ડે.ઈજનેરના વિસ્તારમાં ચાલે છે ઉપરોકત બાંધકામ ગેરકાયદેસર છે કે કેમ ? તેમની ખબર કાર્યપાલક ઈજનેરને છે કે કેમ,? ખબર છે તો તે ગેરકાયદેસર બાંધકામ કેમ રોકવામાં આવતું નથી. તેમાં કોઈ ઉચ્ચ અધિકારીના દબાણ છે કે કેમ ? તેની વિગત આપવા બાબતેએડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. સા.ઝોન./ ટેક / ૨૪૯ તા.૨૧/૭/૧૧થી માંગેલ માહિતી છુપાવવામાં આવેલ હોવાનું જણાવી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫– ૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા ખાસ કરીને બાંધકામ ગેરકાયદેસર છે કે કેમ ? તથા તેની જાણ સામે કોઈ પગલા લીધેલ છે કે કેમ ?તે અંગે પણ હકીકતલક્ષી દફતરી માહિતી સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૮૦ તા.૨–૮–૧૧ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં તેઓને જા.મા.અ.એ આપેલ પ્રત્યુત્તર સામે અપીલમાંના દાવા અંગે રજુઆત અંગે કોઈ લેખિત આધાર હોય તો તે રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૩૧૦ તા. ૨૮–૮–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૨૪૯ તા.૨૧–૭–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૪–૭–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૨૪૯ તા.૨૧–૭–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને તમારી અરજીમાં જણાવેલ પ્રશ્નવાળી મિલ્કતમાં ઉધનાઝોન ખાતેથી કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી. સદર મિલ્કત ભાગ્યલક્ષ્મી પ્રિન્ટસ પ્રા.લી.ના નામે છે સદર વિસ્તાર સબઝોન–૩ ના ડે.ઈજનેરના તાબા હેઠળ આવે છે તેવું જણાવેલ છે. જે અંગે અરજદારને નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ માંગેલ માહિતી છુપાવવામાં આવેલ છે તેવું જણાવી તા.૨૫–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અત્રેથી બંને પક્ષકારોને પૂરક વિગતો માંગતા પત્રો પાઠવવામાં આવેલ. જેમાં અરજદાર તરફથી જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તર સામે અપીલમાં દાવા અંગેની રજૂઆત અંગે કોઈ લેખિત આધાર હોય તો તે રજૂ કરવા અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ અરજદાર તરફથી તે બાબત અંગે કોઈ રજૂઆત કરી કોઈ વિગતો પૂરી પાડેલ નથી. તેમજ કઈ માહિતી છુપાવવામાં આવેલ છે તે અંગે પણ કોઈ પ્રકાશ પાડેલ નથી. જાહેર માહિતી અધિકારી તરફથી બાંધકામ સુરત મહાનગપાલિકાએ પાસ કરેલ છે કે કેમ? તે અંગે અરજદારને વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. પ્લોટની માલીકી અંગે અરજદારને ભાગ્યલક્ષ્મી પ્રિન્ટસ પ્રા.લી. નું નામ જણાવેલ છે તેમજ કયા ડે.ઈજનેરના વિસ્તારમાં ચાલે છે તેવા પ્રશ્ન બાબતે ઉધનાઝોન વિસ્તારના સબઝોન–૩ ના ડે.ઈજનેરના તાબા હેઠળ ચાલે છે તેવું જણાવેલ છે. આમ અરજદારે માંગેલી

માહિતી જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ છે. અરજદારની અન્ય માહિતીની વિગતોમાં આરટીઆઈ હેઠળ ળબ્સળળઆરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૪–૭–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧)એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી કલ્યાણભાઈ બાબુરાવ શહાણે,